eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 299
December 30, 2011

## ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પાવર ધ્વારા સુરત મહાનગરપાલિકાને નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ–૨૦૧૧ એનાયત કરવામાં આવ્યો

સુરત મહાનગરપાલિકાએ સ્થાપિત કરેલ ત્રણ મેગાવોટના વિન્ડ પાવર પ્લાન્ટને ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પાવર ધ્વારા નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ–૨૦૧૧ અંતર્ગત યુનીયન મીનીસ્ટર ઓફ પાવર ધ્વારા આજ તા. ૧૪/૧૨/૨૦૧૧ના રોજ દિલ્હી ખાતે યાજાયેલ નેશનલ એનર્જી કોન્ઝર્વેશન ડે ના ફંકશનમાં સર્ટીફીકેટ ઓફ મેરીટ આપવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા અને ગુજરાત સરકારના રમતગમત વિભાગના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ ૨૦૧૧" અંતર્ગત તરણ સ્પર્ધાના વિજેતાઓની સેમીફાઈનલ સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા અને ગુજરાત સરકારના રમતગમત વિભાગના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ ૨૦૧૧"નું આયોજન કરવામાં આવી રહયું છે. સમગ્ર ગુજરાતના દરેક જીલ્લામાં યોજાયેલ વિવિધ રમતો પૈકી તરણ સ્પર્ધાના વિજેતાઓની સેમીફાઈનલ સ્પર્ધા તા.૧૫ થી ૧૭ ડિસેમ્બર ૨૦૧૧ દરમ્યાન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા અને ગુજરાત સરકારના રમતગમત વિભાગના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ ૨૦૧૧" અંતર્ગત વોલીબોલ સ્પર્ધાના વિજેતાઓની સેમીફાઈનલ સ્પર્ધાનું આયોજન



સુરત મહાનગરપાલિકા અને ગુજરાત સરકારના રમતગમત વિભાગનાં સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ ૨૦૧૧"નું આયોજન કરવામાં આવ્યું છે. જેનાં ભાગરૂપે સમગ્ર રાજયની વોલીબોલની કન્યા વિભાગની ૧૬ વર્ષની નીચે તથા ૧૬ વર્ષની ઉપરના ખેલાડીઓની સેમીફાઈનલ તા.૧૫/૧૨/૨૦૧૧ થી તા.૨૦/૧૨/૨૦૧૧ દરમ્યાન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં સદ્ભાવના કાર્યક્રમ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં તમામ ૧,૧૪,૦૦૦ બાળકોને સુરૂચિ ભોજન આપવાનું આયોજન

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં સદ્ભાવના કાર્યક્રમ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં તમામ ૧,૧૪,૦૦૦ બાળકોને સુરૂચિ ભોજન આપવાનું માનનીય પ્રભારી મંત્રીશ્રીની મળેલ મિટીંગમાં નકકી કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>



## પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનમાં કૃષ્ણકુંજ (અઠવા) મ્યુ. પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં,અઠવાલાઈન્સ ખાતે તા. ૨૫–૧૨–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૩/૧૨/૨૦૧૧ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન



રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા ગ્રામ્ય કક્ષાએ ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબોને સહાય કરવામાં આવી રહેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની તમામ આંગણવાડી, પ્રાથમિક, માઘ્યમિક, ઉચ્ચતર માઘ્યમિક શાળામાં "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ"

બાળકોમાં થતી નાની મોટી બીમારીઓનાં ઈલાજ માટે ત્વરીત અને શ્રેષ્ઠ તબીબી સારવાર વિના મૂલયે ઉપલબ્ધ થાય તેમજ બાળકોને પોષણક્ષમ આહાર, સ્વચ્છ વાતાવરણ, સલામત પીવાનું પાણી અને આરોગ્યપ્રદ ટેવોની સાથે સારા સંસ્કારનું સિંચન થાય તેવા બહુવિધ હેતુઓને લક્ષમાં રાખીને ગુજરાત સરકાર ધ્વારા "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" ને અમલમાં લાવવામાં આવ્યો છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પાવર ધ્વારા સુરત મહાનગરપાલિકાને નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ–૨૦૧૧ એનાયત કરવામાં આવ્યો

સુરત મહાનગરપાલિકાએ સ્થાપિત કરેલ ત્રણ મેગાવોટના વિન્ડ પાવર પ્લાન્ટને ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પાવર ધ્વારા નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ–૨૦૧૧ અંતર્ગત યુનીયન મીનીસ્ટર ઓફ પાવર ધ્વારા આજ તા. ૧૪/૧૨/૨૦૧૧ના રોજ દિલ્હી ખાતે યાજાયેલ નેશનલ એનર્જી કોન્ઝર્વેશન ડે ના ફંકશનમાં સર્ટીફીકેટ ઓફ મેરીટ આપવામાં આવેલ છે. આ ફંકશનનું ઉદઘાટન મા.વડાપ્રધાનશ્રી ડો.મનમોહનસિંઘ ધ્વારા કરવામાં આવેલ હતું. આ ફંકશનમાં સુરત મહાનગરપાલિકા વતી મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ તથા સીટી ઈજનેર શ્રી જે.એસ.શાહ હાજર રહયા હતા. મા.યુનીયન મીનીસ્ટ્રી ઓફ પાવર શ્રી સુશીલકુમાર શીંદેના વરદહસ્તે અપાયેલ આ એવાર્ડ સુરત મહાનગરપાલિકાના મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ ધ્વારા સ્વીકારવામાં આવેલ હતો.

આ પાવર પ્રોજેકટ પોરબંદર જીલ્લાના આડોદર ખાતે નવેમ્બર–૨૦૧૧માં સ્થાપિત કરવામાં આવેલ હતો. અને ભારતમાં સુરત મહાનગરપાલિકાએ સર્વ પ્રથમ મહાનગરપાલિકા છે, જેણે આ પ્રકારનો પ્રોજેકટ સ્થાપેલ છે. જેના ધ્વારા એક વર્ષનાં અંતે ૭૮ લાખ યુનીટનું પાવર જનરેશન થયેલ છે. જેના લીધે મહાનગરપાલિકા ૩.૫ કરોડનો ફાયદો થયો છે. આ પ્રોજેકટ ૧૮.૪૬ કરોડના ખર્ચે સ્થાપવામાં આવેલ છે. વીન્ડ પાવર પ્લાન્ટ ધ્વારા ઉત્પાદિત થયેલ વીજળી હાઈડ્રોલિક ખાતાના સરથાણા વોટર વર્કસ અને વરાછા વોટર વર્કર્સ ખાતે ઉપયોગમાં  લેવામાં આવે છે.

TOP

# સુરત મહાનગરપાલિકા અને ગુજરાત સરકારના રમતગમત વિભાગના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ ૨૦૧૧'' અંતર્ગત તરણ સ્પર્ધાના વિજેતાઓની સેમીફાઈનલ સ્પર્ધાનું આયોજન





સુરત મહાનગરપાલિકા અને ગુજરાત સરકારના રમતગમત વિભાગના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ ૨૦૧૧''નું આયોજન કરવામાં આવી રહયું છે. સમગ્ર ગુજરાતના દરેક જીલ્લામાં યોજાયેલ વિવિધ રમતો પૈકી તરણ સ્પર્ધાના વિજેતાઓની સેમીફાઈનલ સ્પર્ધા તા.૧૫ થી ૧૭ ડિસેમ્બર ૨૦૧૧ દરમ્યાન વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવેલ છે. જેનો શુભારંભ તા.૧૫/૧૨/૨૦૧૧ના રોજ સવારે ૯.૦૦ કલાકથી થયો હતો. સમારંભની શરૂઆતમાં જીલ્લા વિકાસ અધિકારીશ્રી રેમ્યા મોહનએ સૌને આવકાર્યા હતા. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું આ વિસ્તારના મ્યુ.સદસ્ય અને રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષા કુ.પારૂલબેન ભારતી અને મ્યુ.સદસ્યશ્રી પ્રવિણભાઈ પટેલના વરદહસ્તે પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગે પ્રસંગોચિત્ત પ્રવચનમાં મા.મુખ્યમંત્રીશ્રીએ નવા ઉભરતા ખેલાડીઓને એક પ્લેટફોર્મ પુરૂં પાડવા આ રીતના આયોજન કરવા બદલ તેમનો તથા સુરત મહાનગરપાલિકાનો પણ આભાર માન્યો હતો. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલે અગાઉના વર્ષોમાં નબળી આર્થિક પરિસ્થિતિને કારણે યુવાન ખેલાડી રમતગમતથી વંચિત રહેતાં હતા. જેને આવા આયોજન થકી બાળકોથી માંડી વૃધ્ધો સુધી આ ખેલ મહાકુંભમાં સહભાગી થઈ નવી સફળ થનાર શિખરો પામી રહયા હોવાનું જણાવ્યું હતું. શહેરના પ્રથમ નાગરિક અને મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ ગત વર્ષના આયોજનને કારણે વિવિધ રમત ક્ષેત્રે ગુજરાતના ખેલાડીઓ રાષ્ટ્ર તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લઈ સફળતા મેળવતા હોવાનું જણાવ્યું હતું. અંતમાં ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણાએ આભારવિધિ સંપન્ન કરી હતી. આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, વિવિધ જીલ્લામાંથી આવેલ ૯૦૦ થી પણ વધુ રમતવીરો અને રમતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં.

TOP

## સુરત મહાનગરપાલિકા અને ગુજરાત સરકારના રમતગમત વિભાગના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ ૨૦૧૧'' અંતર્ગત વોલીબોલ સ્પર્ધાના વિજેતાઓની સેમીફાઈનલ સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા અને ગુજરાત સરકારના રમતગમત વિભાગનાં સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ ૨૦૧૧''નું આયોજન કરવામાં આવ્યું છે. જેનાં ભાગરૂપે સમગ્ર રાજયની વોલીબોલની કન્યા વિભાગની ૧૬ વર્ષની નીચે તથા ૧૬ વર્ષની ઉપરના ખેલાડીઓની સેમીફાઈનલ તા.૧૫/૧૨/૨૦૧૧ થી તા.૨૦/૧૨/૨૦૧૧ દરમ્યાન ડો.શ્યામાપ્રસાદ લેક ગાર્ડન, કાંસાનગર, કતારગામ ખાતે યોજવામાં આવેલ. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં ખેલ મહાકુંભ સમિતિના ઉપાધ્યક્ષશ્રી અને જીલ્લા વિકાસ અધિકારીશ્રી રમ્યા મોહને જણાવ્યું હતું કે ખેલ મહાકુંભ ધ્વારા જીલ્લા, તાલુકા તથા ગામડાના યુવાધનને ભાગ લેવાનું પ્રોત્સાહન મળ્યું છે. જેનાંથી ગુજરાતનાં ખેલાડીઓને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટીય સ્તરે નામનાં મળી છે. વધુમાં રમતગમત ક્ષેત્રે જુનાગઢ જીલ્લાનાં કોડીનાર તથા સુરેન્દ્રનગરની થાનગઢની ટીમોનાં શ્રેષ્ઠ પ્રદર્શનનો ઉલ્લેખ કર્યો હતો.




આ પ્રસંગે ઉપસ્થિત મા.મંત્રીશ્રી સહકાર રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગુજરાત રાજયના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ખેલ મહાકુંભમાં સમગ્ર જીલ્લાની ૮૦૦ ટીમ તથા ૧૨૫ કોચ અને મેનેજરો ભાગ લઈ રહયા છે. સમગ્ર ગુજરાતમાં વોલીબોલની રમત પ્રચલિત છે. આવી રમતો ધ્વારા યુવા ખેલાડીમાં છુપાયલી શકિતને રચનાત્મક માર્ગે વાળવી જોઈએ. તેમજ આવી પ્રતિભાઓને રાજયસરકારે જરૂરી પ્રોત્સાહન આપે છે. તેમજ આવી પ્રતિભાઓને રાજય સરકારે જરૂરી પ્રોત્સાહન આપે છે. તેમજ વિદેશ પ્રવાસનાં હવાઈ ખર્ચની પણ યોજના છે.

સમારંભના અધ્યક્ષશ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત સરકાર ધ્વારા છેલ્લા બે વર્ષથી ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. જેમાં ગતવર્ષે ૧૩.૫ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૨૭.૫ કરોડનું ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું. ચાલુ વર્ષે ૧૫ લાખની સંખ્યામાં ભાગ લીધો હતો. તથા ૪૪ કરોડના ઈનામોનું વિતરણ કરવામાં આવશે. ગત વર્ષે ચેસ સ્પર્ધામાં ૨૦,૦૦૦ બાળકોએ ભાગ લીધો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે દરેક ખેલાડીઓમાં કરોળિયાની જેમ ધીરજના ગુણ અનિવાર્ય છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે વોલીબોલની સ્પર્ધામાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનાં ખેલાડીઓ આગળ આવી રહયા છે.

એટલું જ નહિ પરંતુ આ રમતમાં સૌથી આગળ રહેતા બંગાળ, મહારાષ્ટ્ર,કર્ણાટક કે દિલ્હી જેવા રાજયોના ખેલાડીઓનો પણ સફળતાપૂર્વક સામનો કરી રહયા છે. ચાલુ વર્ષે નેશનલ કક્ષાએ એકવેટીકસ સ્પર્ધામાં શ્રી અંશુલ કોઠારી તેમજ નેશનલ ટ્રાયથ્લોન સ્પર્ધામાં કુ.પૂજા ચૌઋષીએ પ્રથમ ક્રમે આવી સીનીયર વિભાગની સિધ્ધી મેળવી ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

આ વર્ષે જ સુરતને એક ઐતિહાસિક સિધ્ધિ પણ મેળવી છે. જેમાં ઉપરોકત બન્ને ખેલાડીઓ એશિયન ગેઈમ–૨૦૧૧માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ છે. જે ગુજરાતના ઈતિહાસમાં પણ પ્રથમ વખતે બનવા પામ્યું છે.

ગત વર્ષે યોજાયેલ ખેલ મહાકુંભમાં ૪૪ ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર રાજયમાં ૪૫ ગોલ્ડ મેડલ સાથે પ્રથમ ક્રમે આવેલ અમદાવાદ પછી સુરત બીજા ક્રમે રહેલ હતું. જેમાં સુરતે ૩૩ ગોલ્ડ મેડલ સ્વીમીંગ રમતગમતમાં મેળવેલ હતા. આમ યુવા ખેલાડીઓ મહેનત અને શ્રમ થકી ગુજરાતનું નામ રોશન કર્યુ છે. ત્યારબાદ શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસિંહે આ પ્રસંગે પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આજનાં યુવાનોમાં રહેલી છૂપી શકિતઓ આવા રાજય સરકાર કુંભ મેળા યોજી યથાર્થતા સિધ્ધ કરી છે.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષો, મ્યુ.સદસ્યોશ્રી તેમજ જીલ્લામાંથી આવેલ વિવિધ રમતવીરોએ તથા રમતગમત ક્ષેત્રે ખ્યાતિ પામેલા રમતવીરોએ ભાગ લીધો હતો.

TOP

## માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં સદ્‌ભાવના કાર્યક્રમ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં તમામ ૧,૧૪,૦૦૦ બાળકોને સુરૂચિ ભોજન આપવાનું આયોજન

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં સદ્‌ભાવના કાર્યક્રમ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં તમામ ૧,૧૪,૦૦૦ બાળકોને સુરૂચિ ભોજન આપવાનું માનનીય પ્રભારી મંત્રીશ્રીની મળેલ મિટીંગમાં નકકી કરવામાં આવેલ હતું. આ સંદર્ભે સુરત શહેરનાં જાણીતા ઉદ્યોગપતિ અને દાનવીર શ્રી જસમતભાઈ એન.વીડિયાનાં ચિરંજીવ શ્રી દેવાંગના લગ્ન પ્રસંગ નિમિત્તે તથા અનુભાઈ તેજાણી તરફથી શિક્ષણ સમિતિનાં તમામ બાળકો માટે ચોખ્ખા ઘી ની લાપસી તા.૧૬/૧૨/૨૦૧૧નાં રોજ આપવામાં આવી છે.

આ કામગીરી સુમેરે પુરી પાડવા માટે તથા દાતા શોધવામાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતનાં ચેરમેનશ્રી અતુલભાઈ પટેલે સક્રિય ભાગ ભજવેલ છે. તથા સંપૂર્ણ કામગીરીનું મોનીટરીંગ નાયબ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ઈનચાર્જ ડે. કલેકટર મ.ભો.ય. શ્રી જે.યુ.પરમાર તથા તેમની ટીમે કરેલ છે.

TOP

## પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન



સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનમાં કૃષ્ણકુંજ (અઠવા) મ્યુ. પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં,અઠવાલાઈન્સ ખાતે તા. ૨૫–૧૨–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ છે.

તા. ૨૫/૧૨/૨૦૧૧ના રોજ સાંજે ૬.૦૦ કલાકે સમારંભના ઉદઘાટકશ્રી અને મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ) ના વરદહસ્તે આ પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલ જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડે. મેયર શ્રીમતિ વર્ષાબેન રાણા,મા.અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી ભીમજીભાઈ પટેલ, મા.નેતાશ્રી શાસક પક્ષ શ્રી દયાશંકર સિંહ તેમજ સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેનશ્રીમતિ ગીતાબેન પટેલ તથા માજી મેયરશ્રી કનુભાઈ માવાણી અને વોર્ડ સદસ્યશ્રીઓ તથા નગરજનો ઉપસ્થિત રહયા હતા.

આ પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલમાં અંદાજે ૪૫ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પોંક ઉપરાંત સુરતી, સાઉથ ઈન્ડિયન, કાઠીયાવાડી, ચાઈનીઝ તેમજ સુરતી વિવિધ વાનગીઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફેસ્ટીવલ તા. ૨૫–૧૨–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી સાંજે ૬.૦૦ કલાકથી રાત્રે ૧૧.૦૦ કલાક દરમ્યાન જાહેર જનતા માટે ખુલ્લો રાખવામાં આવશે.

આ પ્રસંગે જનજાગૃતિ અર્થે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ તથા પબ્લીક હેલ્થ લેબોરેટરીનાં ધ્વારા જાહેર જનતાની માર્ગદર્શન અંગે પણ સ્ટોલ પરથી સમજ આપવામાં આવે છે.

આ પ્રસંગે મહાનુભાવો, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, ચેનલોના પ્રતિનિધિઓ તેમજ જાહેર જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૩/૧૨/૨૦૧૧ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા ગ્રામ્ય કક્ષાએ ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબોને સહાય કરવામાં આવી રહેલ છે. તે જ રીતે શહેરી વિસ્તારનાં ગરીબો માટે શહેરી ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી ગરીબોને વિવિધ યોજનાઓ થકી સહાય કરી આર્થિક રીતે પુનરૂત્થાન કરવાનો મહા સંકલ્પ આદર્યો છે.






તા.૨૩/૧૨/૨૦૧૧નાં રોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે શહેરી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન બપોરે ૩.૦૦ કલાકથી કરવામાં આવ્યું હતું. જેમાં વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ શહેરના પ્રથમ નાગરિક અને મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ સૌને આવકારતાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ લાભાર્થીઓએ પોતાનો પ્રતિભાવ વ્યકત કર્યો હતો. પ્રભારી મંત્રીશ્રી મા.મંગુભાઈ પટેલે પોતાના પ્રસંગોચિત્ત વકતવ્યમાં જણાવ્યું હતું કે સરકારશ્રી ધ્વારા છેવાડાના માનવીને પોતાની જરૂરીયાત મુજબ સહાય કરી, પગભર કરી સ્વતંત્ર રીતે પોતાનું ગુજરાન ચલાવતા કર્યા છે. અને હવે પછી પણ મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ વિવિધ વિધાનસભા વિસ્તારોમાં પણ આગામી દિવસોમાં આ રીતના ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન થનાર છે. મધ્યસ્થીઓની ચેઈન નાબુદ કરી જરૂરીયાતમંદને સીધી સહાય મળે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતું કે આજે સરકારશ્રી ધ્વારા અમલમાં મુકાતી વિવિધ યોજનાઓ અને સુરત મહાનગરપાલિકા ધ્વારા પણ અમલી અમલી વિવિધ કુલ ૨૧ યોજનાઓના ફકત ચોર્યાસી મત વિસ્તારમાંથી ૯૦૦૦ થી પણ વધુ લાભાર્થીઓને અંદાજે ૪૬૦૦ લાખથી પણ વધુની સહાયનું વિતરણ કરવામાં આવી રહયું છે. સરકારશ્રી ધ્વારા આવી યોજનાઓ માટે અલગથી ફાળવણી કરી વર્ષની શરૂઆતથી જ સમયબધ્ધ આયોજન કરી રાજયના તમામ વિસ્તારોમાં આ રીતે સહાયોનું વિતરણ કરાવવમાં આવી રહયું છે. અને એ રીતે ગરીબીને ગુજરાતમાંથી મહદઅંશે નેસ્તનાબુદ કરવાનું હેતું રહેલો છે. અંતમાં મા.ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત તમામ સર્વેનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, શ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી નાનુભાઈ વાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંહ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓ, લાભાર્થીઓ તથા જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. મ્યુ.કમિશનર શ્રી એમ.કે.દાસના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળતાપુર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની તમામ આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં ''શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ''

બાળકોમાં થતી નાની મોટી બીમારીઓનાં ઈલાજ માટે ત્વરીત અને શ્રેષ્ઠ તબીબી સારવાર વિના મૂલયે ઉપલબ્ધ થાય તેમજ બાળકોને પોષણક્ષમ આહાર, સ્વચ્છ વાતાવરણ, સલામત પીવાનું પાણી અને આરોગ્યપ્રદ ટેવોની સાથે સારા સંસ્કારનું સિંચન થાય તેવા બહુવિધ હેતુઓને લક્ષમાં રાખીને ગુજરાત સરકાર ધ્વારા ''શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ'' ને અમલમાં લાવવામાં આવ્યો છે. તા. ૧૫/૧૧/૨૦૧૧ થી ૨૪/૦૧/૨૦૧૨ દરમ્યાન ચાલનાર આ કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકાના તબીબો ધ્વારા શહેરની તમામ આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના ૧૮ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકો ઉપરાંત ૧૪ વર્ષની વય સુધીના શાળાએ ન જતાં બાળકોની પણ પ્રાથમિક તપાસણી કરી સ્થળ ઉપર સારવાર આપવામાં આવશે. અને જો જરૂર જણાય તો સંદર્ભસેવા માટે હેલ્થ સેન્ટરો,સ્મીમેર,મસ્કતિ અને નવી સિવિલ હોસ્પિટલ ખાતે પણ વિનામૂલ્યે તમામ પ્રકારની સારવાર આપવામાં આવશે. જે મુજબ સુરત શહેરના ૯ લાખ ઉપરાંત બાળકોને મફત નિદાન અને સારવારની સુવિધા પુરી પાડવાનું આયોજન સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ છે. હદય–કીડની, કેન્સર અને અન્ય ગંભીર બિમારીઓ માટે બાળકોને વિના મૂલ્યે સારવારની મંજુરી આપી અમદાવાદ ખાતે અદ્યતન હોસ્પિટલોમાં સંપૂર્ણપણે વિનામૂલ્યે સારવાર/દવા અને જરૂર જણાય તો ઓપરેશન પણ કરી આપવામાં આવે છે. જરૂરીયાતવાળા આંખના દર્દીઓના ચશ્મા પણ વિના મૂલ્યે રાજય સરકાર ધ્વારા પુરા પાડવામાં આવે છે.

તા. ૧૫/૧૧/૨૦૧૧ થી ૨૪/૦૧/૨૦૧૨ સુધી ચાલનારા આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૩/૧૨/૨૦૧૧ સુધી કુલ ૬૧૯૯૨૪ બાળકોની સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવેલ છે. જે પૈકી ૪૦૦૫૨ બાળકોને સ્થળ ઉપર સારવાર આપેલ છે, જયારે ૩૮૧૮ બાળકોને વધુ સારવાર અર્થે ઉપર જણાવેલ સંદર્ભસેવા માટેની હોસ્પિટલોમાં રીફર કરી વિના મૂલ્યે સારવાર પુરી પાડવામાં આવી છે. આ ઉપરાંત હદય રોગના ૨૦ કીડનીના ૦૩ કેન્સરના ૦૨ અને અન્ય રોગો માટે ૦૧ દર્દીને તપાસ નિદાન/દવા અને જરૂર પડે ઓપરેશન સહીત વિનામૂલ્યે સારવારની મંજુરી આપી અમદાવાદ રીફર કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમ આગામી તા. ૨૪/૦૧/૨૦૧૨ સુધી ચાલવાનો હોય શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન આપના બાળકની શાળામાં આવતા તબીબોની ટીમને બાળકની બીમારી વિશે જણાવી વિનામૂલ્યે સારવાર મેળવવા બાળકોના વાલીઓને અપીલ કરવામાં આવે છે.

TOP